**<u>પ્રસ્થાપિત ખાનગી યુનિવર્સિટીના નિયમન માટે રાજ્ય સરકારની સત્તા</u>**

- ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ના પ્રકરણ-૬ની કલમ-૩૧ “રાજ્ય સરકારની આદેશો કરવાની સત્તા” ધરાવે છે.
- ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ના પ્રકરણ-૯ની કલમ-૪૩ “અમુક સંજોગોમાં રાજ્ય સરકારની ખાસ સત્તા” ધરાવે છે.

- **કલમ-૩૧**

(૧) રાજય સરકાર, **અધ્યાપન, પરીક્ષા અને સંશોધનના ધોરણો સુનિશ્ચિત કરવાના હેતુ** માટે અથવા યુનિવર્સિટીને લગતી કોઇ બીજી બાબત માટે પોતે યોગ્ય ગણે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે **મુલ્યાંકન કરાવી શકશે.**

(૨) રાજય સરકાર આવા મુલ્યાંકનના આધારે સુધારાત્મક પગલાં લેવા માટે યુનિવર્સિટીને પોતાની ભલામણો મોકલશે. યુનિવર્સિટી આવા સુધારાત્મક પગલાં અપનાવી શકશે અને આવી ભલામણોનો અમલ સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન કરી શકશે.

(૩) યુનિવર્સિટી વાજબી સમયમાં પેટા કલમ (૨) હેઠળ કરેલી ભલામણોનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો રાજય સરકાર પોતે યોગ્ય ગણે તેવા આદેશો કરી શકશે. રાજય સરકારે કરેલા આદેશોનું યુનિવર્સિટીએ તાત્કાલિક પાલન કરવું જોઇએ.

- **કલમ-૪૩**

(૧) રાજય સરકારનો એવો અભિપ્રાય હોય કે યુનિવર્સિટીએ, આ અધિનિયમ, તે હેઠળ કરેલા નિયમો, સ્ટેચ્યુટો અથવા અધ્યાદેશોની જોગવાઇઓ પૈકી કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કર્યુ છે અથવા આ અધિનિયમ હેઠળ આપેલા આદેશો પૈકીના કોઇનો ભંગ કર્યો છે અથવા યુનિવર્સિટીમાં નાણાકીય અવ્યવસ્થા અથવા ગેરવહીવટની પરિસ્થિતિ ઉભી થઇ છે.

તો ઉચિત કાર્યવાહી દ્વારા રાજ્ય સરકાર વહીવટદાર તરીકે કોઇની નિમણૂંક કરીને યુનિવર્સિટીનો વહીવટ હસ્તગત કરી શકે છે.